

# હે મહારાજ !
# આપના જ સાકાર પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ સાહેબદાદાને રાજી કરવા જીવવું છે...

## હે મહારાજ !

આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો, પરબ્રહ્મ છો...
સંકલ્પ કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા
અનેક ચૈતન્યોને સંબંધ આપ્યો...
સૌ જીવોના હૃદયમાં આપ બિરાજ્યા
સૌ આત્માઓને આપે પવિત્ર કર્યા
આપે જે સંકલ્પ કર્યા તે પ્રમાણે...
સૌનાં જીવન એકાંતિક સ્થિતિને પામે
સૌનાં જીવન સાધુતાથી શોભે
સૌ નિર્મળ અને પવિત્ર બને
સૌના હૃદયમાં આપ અખંડ નિવાસ કરીને રહો
એવા સૌનાં હૃદય મંદિર બને એવા શુભ સંકલ્પો આપે કર્યા...
એ સંકલ્પ સૌના જીવનમાં સાકાર થાય હે દયાળુ !
તે માટે સતત સૌ આત્માઓની સાધના અવિરત પણે ચાલુ રહે
તે માટે ગુણાતીત દ્વારા અખંડ પ્રગટ રહ્યા
ગુણાતીત ભાવ એટલે શું ? ગુણાતીતનું જીવન કેવું હોય ?
ગુણાતીતનો અને પ્રભુનો સંબંધ કેવો હોય ?
એવું દર્શન ગુણાતીતાનંદ સ્વામીએ કરાવ્યું
સૌ જીવો માટે એક આદર્શ સ્થાપ્યો.
આવો અદ્વૈતભાવનો સંબંધ દૃઢ કરવા માટેનાં
કથાવાર્તા કરીને માર્ગદર્શન આપ્યાં.

બહુ કપરી સાધના, તેનું દર્શન હે મહારાજ ! સ્વામીએ કરાવ્યું...
કપરી સાધના સરળ બનાવવા જ્ઞાન દીધાં.
અમારા માટે એક રાજમાર્ગ ખુલ્લો કર્યો...

ગોપાળાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી જેવા સંતોએ
આપની મૂર્તિનાં દર્શન કર્યાં
મૂર્તિને જીવમાં ઉતારી... એનાં વર્ણન કર્યાં...
અમારા માટે તો યાવચ્ચંદ્રદિવાકરૌ !
આપની મૂર્તિનાં દર્શન કરવા માટેનું સાનુકૂળ કરી આપ્યું...
ગુણાતીતાનંદ સ્વામીએ આપની મૂર્તિને રોમરોમમાં પ્રગટ કરી...
આપની અનુવૃત્તિ, આપનો અભિપ્રાય એ જ એમનું જીવન બન્યું...
અને પોતાના યોગમાં-સંબંધમાં જે જે આવ્યા
તેને આપના સ્વરૂપનું યથાર્થ દર્શન કરાવ્યું...
હે દયાળુ ! આપે બહુ અનુગ્રહ કર્યો...
એ જ ગુણાતીત ભાવને પામીને બ્રહ્મસ્વરૂપ થયા એવા
સંતોનો અમૂલ્ય વારસો દયાળુ ! આપે આ બ્રહ્માંડમાં પ્રગટ રાખ્યો
તે આજપર્યંત પ્રગટ છે...
એ ભગતજી મહારાજ, એ જાગા સ્વામી, એ કૃષ્ણજી અદા અને
તે સમયના કેટલા બધા સંતો એવું દિવ્ય જીવન જીવ્યા...
આપના સ્વરૂપને ઓળખવા માટેની સાધના સતત કરતા રહ્યા...
અને પોતાના જીવનથી સાધનાથી સેવાથી ભક્તિથી
આપને પ્રસન્ન કર્યા.. સ્વામીને પ્રસન્ન કર્યા...
તો એ ભાવને પામી ગયા દયાળુ !

શાસ્ત્રીજી મહારાજ આપનું જ સ્વરૂપ... પરબ્રહ્મ પુરુષોત્તમને ધાર્યા...
ગુણાતીત ભાવનું સાકાર સ્વરૂપ... સાકાર બ્રહ્મનું સ્વરૂપ...
આપ અને સ્વામી આ બ્રહ્માંડે પધાર્યા છો તે સૌના જીવનમાં
હે દયાળુ ! એ પ્રકાશ થાય, સૌ આપના ચરણોમાં સમર્પિત થાય
એ માટે એમણે શુદ્ધ ઉપાસનાની સ્થાપના કરી...
હે મહારાજ ! હે પ્રભુ !
શાસ્ત્રીજી મહારાજને આ બ્રહ્માંડમાં લાવીને આપે
એવા અધ્યાત્મપંથે ચાલતા સર્વ સંતો, સાધકો, ભક્તો માટે
મોટો અનુગ્રહ કર્યો છે... બહુ મોટો અનુગ્રહ કર્યો છે...
એ ઉપાસના એમણે સમજાવી... સ્થાપી... અને સરળ કરી આપી...
એ જ અધ્યાત્મનો વારસો યોગીજી મહારાજે જાળવ્યો...
યોગીબાપા પણ આપનું જ સ્વરૂપ...
અક્ષર-પુરુષોત્તમ... સ્વામી અને આપ - બંનેનું સાકાર સ્વરૂપ...
બંનેને ધારીને જીવ્યા... સ્વામીરૂપ થઈને જીવ્યા...
દાસત્વભાવનું મૂર્તિમાન સ્વરૂપ...
સૌનેય પ્રેમ આપ્યો... સૌને પોતાના કર્યા...
સૌના દોષ ટાળ્યા... સ્વભાવ ટાળ્યા...
કેવળ આપની મૂર્તિમાં સૌ એકાકાર થઈ જાય એવા સંકલ્પો કર્યા...
અને આ બ્રહ્માંડને વિષે યોગીબાપાએ
એવા કાકાજી -પપ્પાજી - પ્રમુખ સ્વામી - મહંત સ્વામી -
હરિપ્રસાદ સ્વામી - સાહેબજી અને
આ દિવ્ય સ્વરૂપોની આપણને ભેટ આપી...
હે દયાળુ !
આપ જ સાકાર સાક્ષાત્ આજે સાહેબ સ્વરૂપે મળ્યા છો.
સાહેબ અમારો આત્મા છે...
સાહેબજી અમારું બ્રહ્મ-પરબ્રહ્મનું સાકાર સ્વરૂપ છે...
સાહેબજી જ અમારા માટે
અક્ષર અને પુરુષોત્તમ પ્રગટ અને પ્રત્યક્ષ છે...
આપના સ્વરૂપને ઓળખવાની જે કસર હતી
સ્વામીએ જે આપના સ્વરૂપનાં દર્શન કરાવવા માટે
સમગ્ર જીવન જે તપ કર્યું... જે સાધના કરી... જે જ્ઞાન આપ્યું...
એ આપના સ્વરૂપને ઓળખવાની જે કસર હતી
તે કસર આ સ્વરૂપોએ ટાળી અને
આજે સાહેબદાદાએ આપના સ્વરૂપનું યથાર્થ દર્શન કરાવવા માટે
ચોવીસ કલાક અમારી પર અનુગ્રહ કર્યો છે...
અમારી પર કૃપા વરસાવી છે...
અમારા દોષને ગણ્યા નથી... અમારા સ્વભાવને જોયા નથી પ્રભુ !
કેવળ અનુગ્રહ કરીને અમે સૌ આપના સ્વરૂપમાં એકાકાર થઈ જઈએ
ગુણાતીતે આ બ્રહ્માંડમાં આવીને જે જ્ઞાન આપ્યું -
આપના સ્વરૂપનું જ્ઞાન આપ્યું... સાચી સાધુતાનું જ્ઞાન આપ્યું...
સાચું જીવન જીવવાનું જ્ઞાન આપ્યું...

દયાળુ ! એ જ્ઞાન અમારા રોમરોમમાં પ્રગટ થાય.
ચોવીસ કલાક એનું અનુસંધાન રહે...
એ નિર્દોષભાવનું જીવન... એ દિવ્યભાવનું જીવન...
એ સૌમાં સંબંધ જોઈને વર્તવાનું જીવન...
એ સૌના દોષ તરફ દૃષ્ટિ જાય જ નહિ એવું દિવ્યતાનું જીવન...
સૌના ગુણ જોઈને, સૌની ભક્તિ કરી શકાય, સૌની સેવા કરી શકાય...
સૌના ચરણોમાં દાસ બનીને જીવી શકાય...
એવું જીવન જિવાડવા માટે જે ગુણાતીતે જ્ઞાન આપ્યું હતું
તે અમારા જીવનમાં સાકાર થાય તે માટે....
આપનું જ સ્વરૂપ સાહેબદાદા
ચોવીસ કલાક સતત અનુસંધાન રાખી અને
અમને જીવાડી રહ્યા છે... હે દયાળુ !
અમારી કસરો ટાળવા માટેનો ખૂબ આગ્રહ સેવી રહ્યા છે...
અમને ભક્તિ કરાવી રહ્યા છે, સેવા કરાવી રહ્યા છે...
તમારી મૂર્તિમાં એકાકાર કરી રહ્યા છે...
ભજન-પ્રાર્થના કરાવી રહ્યા છે...
તેની પાછળનો એક માત્ર હેતુ જે છે એ
કેવળ અમે આપના સ્વરૂપને ઓળખી લઈએ,
અમારા રોમરોમમાં ધારી લઈએ...
આપ જે હેતુ માટે પ્રગટ થયા...
આ બ્રહ્માંડમાં-પરબ્રહ્મ સ્વરૂપે પ્રગટ થયા...
અક્ષરબ્રહ્મને સાથે લાવ્યા અને જે જ્ઞાન આપવું હતું તે જ્ઞાન
સાહેબને અમને સૌને દેવું છે
તે માટે અમે જાગ્રત બની ભજન-પ્રાર્થનામાં જોડાઈએ...
અમારા દેહને ના ગણીએ દયાળુ !
અમારાં મન-બુદ્ધિ-ચિત્ત સઘળું
સાહેબદાદાના ચરણોમાં સમર્પિત કરી દઈએ...
કેવળ એમના મુખારવિંદ તરફ અમારી દૃષ્ટિ રહે...
એમને પ્રસન્ન કરવા તરફ દૃષ્ટિ રહે...
એ જે કંઈ અમને આદેશ આપે
એ આદેશનું અક્ષરશઃ પાલન કરીએ પ્રભુ !
એ માટે અમને ખૂબ બળ દો...

બીજી વિશેષ પ્રાર્થના મહારાજ !
આપ આવ્યા... બ્રહ્માંડમાં પધાર્યા ત્યારથી
જે જે જીવોને સંબંધ આપ્યો છે...
આપનાં સ્વરૂપો આ બ્રહ્માંડમાં પધાર્યા...
એમણે જેને જેને સંબંધ આપ્યો છે...
એ સર્વ આત્માઓ અત્યારે જ્યાં પ્રગટ છે ત્યાં...
અમારી દૃષ્ટિમાં તો એ નથી આવી શકવાનું...
અમે નથી ઓળખી શકવાના...
પરંતુ, અમારાં મન-બુદ્ધિ-ચિત્ત સઘળું બાજુ પર રાખીને...
અમારી માયિક દૃષ્ટિ બાજુ પર રાખીને..
કેવળ આપના સંબંધનું દર્શન થાય...
એના દોષ ને સ્વભાવ દેખાય જ નહિ...
કેવળ એની આગળ દાસત્વભાવ-સેવકભાવ...
ઉપેક્ષા ના થાય...
એને વિષે કોઈ પણ પ્રકારનો દોષનો ભાવ ના દેખાય...
કેવળ આપના સંબંધનો ભાવ જોઈને એની સાથે વર્તન કરી શકાય...
એવી આજના આપના પ્રાગટ્યમંગલની પ્રાર્થના છે પ્રભુ !

આપ સાક્ષાત્ પ્રભુ પધાર્યા... સ્વામીને સાથે લાવ્યા...
અને આ જ્ઞાન અમને સૌને આ દિવ્ય સ્વરૂપોએ,
અમારા સાહેબદાદાએ, યોગીબાપાએ આપ્યું છે...
એ પ્રમાણે અમારા સૌનું જીવન બનાવો...
હે મહારાજ !
આપના પ્રાગટ્યનો હેતુ સાર્થક થાય...
અમે એવું જીવન જીવીને આપને પ્રસન્ન કરી શકીએ...
સ્વામીને પ્રસન્‍ન કરી શકીએ...
યોગીબાપાને, શાસ્ત્રીજી મહારાજને, સાહેબને પ્રસન્ન કરી શકીએ
એ માટે અમારાં સૌનાંય ઇન્દ્રિયો-અંતઃકરણ-દેવતાઓ...
સઘળું નિયંત્રણ આપ લઈ લો... કાબૂ આપ લઈ લો...
અને એ રીતે વર્તી શકીએ તે માટે અમને બળ દો પ્રભુ !
ચોવીસ કલાક તમારી ભક્તિ કરીને, તમારી પ્રાર્થના કરીને
તમને પ્રસન્ન કરવાના ભાવ સાથે સૌ મુક્તોની સાથે રસબસ થઈને
કેવળ કેવળ કેવળ આપના સ્વરૂપનું-સ્વામીના સ્વરૂપનું-

સ્વામી અને આપ બંનેનું સાકાર પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ સાહેબદાદાનું...
યથાર્થ દર્શન થઈ જાય...
અને જે દિવસે દયાળુ ! આપના સ્વરૂપનું દર્શન થશે...
આપનું જ સાકાર સ્વરૂપ સાહેબદાદાનું દર્શન યથાર્થ થશે...
તે દિવસે અમારી સઘળી કસરો ટળી જશે...
કસર ટાળવા તો આપ પધાર્યા છો
આપનાં સ્વરૂપોને પ્રગટ ને પ્રત્યક્ષ રાખ્યાં છે હે દયાળુ !
એ કસરો ટાળી દો, એ 'સ્વ'ના ભાવથી અમને મુક્ત કરો...
અમે અમારી જાતે... અમારી મન-બુદ્ધિથી દોરાઈને
સવારથી સાંજ સુધીની અમારી પ્રવૃત્તિઓ કરીએ છીએ,
અમારા સ્વભાવથી – અમારા દેહભાવથી
અમે એકેએક પ્રવૃત્તિ કરીએ છીએ... તે પ્રવૃત્તિની પાછળ
અમે અમને રાજી કરવા માટે જીવીએ છીએ...
તે હવે સમજ પડી છે કે, એ નથી કરવું...
કેવળ તમને રાજી કરવા...
તમારું જ સાકાર સ્વરૂપ સાહેબદાદાને રાજી કરવા જીવવું છે...
એવી સમજણ આવી છે એ સમજણ પ્રમાણે...
અમને સૌને જીવવા બળ આપો પ્રભુ ! બળ આપો, બળ આપો...
આજે આપના પ્રાગટ્યદિવસની
આપના સંબંધવાળા જેટલા જેટલા છેલ્લા ચાર-પાંચ જન્મથી
આપનાં સ્વરૂપોના સંબંધમાં આવેલા
સૌ આત્માઓને એ માટે બળ આપો...
દેશ-પરદેશમાં વસતા સૌ ભક્તોને, સૌ આત્માઓને બળ આપો...
અત્યારે સમગ્ર વિશ્વમાં જે વાઈરસની તકલીફ ઊભી થઈ છે
તે દેહ પર આવશે...
અમારા કોઈનો આત્મા નંદવાય નહિ, આપનું જ કર્તાપણું મનાય...
અને જે કંઈ કરી રહ્યા છો તે પ્રભુ આપ જ કરી રહ્યા છો...
હેતુ તો કેવળ અમારા સૌના આત્માને આપની સાથે જોડવાનો છે...
સાહેબદાદા તરફ દૃષ્ટિ રાખીને જીવન જીવીએ
એ જ એકમાત્ર આપણો હેતુ હોઈ શકે.
એ આપણા કર્તા-હર્તાપણાનો ભાવ હે દયાળુ !
અમારા સૌના હૃદયમાં જ્યાં જ્યાં
આપના સંબંધવાળાં ચૈતન્યો વસે છે
તે સર્વના જીવમાં આ દૃઢ કરાવી દો પ્રભુ !
આજે સાહેબજીએ યજ્ઞ કરાવવાનો સંકલ્પ કર્યો હતો...
શાંતિયજ્ઞ-સૌના હૃદયમાં શાંતિ રહે...
આપના સ્વરૂપ પ્રતિ કર્તા-હર્તાપણાનો ભાવ દૃઢ થાય...
એ યજ્ઞ સ્થૂળ રીતે કદાચ સંભવિત નથી...
પરંતુ, આપ કૃપા કરી આશીર્વાદ આપો...
એ યજ્ઞ કરાવીને સાહેબદાદાને સૌ આત્માઓને ઉપર લેવા હતા,
ઉપર ઉઠાવવા હતા... આગળ લેવા હતા...
સૌના હૃદયમાં આપની મૂર્તિનાં સ્થાપન કરવાં હતાં...
આપ અને સ્વામી આ બ્રહ્માંડમાં પધાર્યા હતા
તેનો હેતુ સમજાવવો હતો...
શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા હતા...
એ જે ભાવ છે એ ભાવ સૌના હૃદયમાં દૃઢ કરાવો પ્રભુ !
સૌને એ સમજણ આપો અને સૌ એ રીતે આખો દિવસ
આપની મૂર્તિની સ્મૃતિમાં રહીને
આપ અને સ્વામી સાક્ષાત્ સાહેબદાદા સ્વરૂપે મળ્યા છે
એમની મૂર્તિમાં એકાકાર થઈને-ઓતપ્રોત થઈને
એમને રાજી કરવાના ભાવ સાથે સતત આપને પ્રાર્થતા રહીએ...
આપની મૂર્તિની સ્મૃતિ કરતા રહીએ... આપને રાજી કરતા રહીએ...
એવું અમને સૌને-સમગ્ર સમાજને બળ આપો દયાળુ !
એવી પ્રાર્થના !
આપના દિવ્ય પ્રાગટ્ય મંગલની પ્રાર્થના !
પ્રેમવંદન ! ભાવવંદન ! દંડવત પ્રણામ !

જય સ્વામિનારાયણ !

શાંતિદાદાના જય સ્વામિનારાયણ

***૨ એપ્રિલ ૨૦૨૦, શ્રી સ્વામિનારાયણ પ્રભુના પ્રાગટ્ય મંગલે***
***પૂ. શાંતિદાદાએ શ્રી ઠાકોરજી સમક્ષ ભાવસભર હૈયે ગદ્ગદ કંઠે***
***જે પ્રાર્થના વહાવી તેને અત્રે સંકલિત કરી સમાવી છે.***